ખાનગી

ફરજમોકૂફી હેઠળના પોલીસ ઈન્સ્પેક્ટરો
અને તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારીઓના
કેસોની સમયાંતરે સમીક્ષા કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ક્રમાંક: પીડીઈ-૧૦૭૭-૫૨૩૮-ભાગ-૨-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા: 23 NOV 1987

પ રિ પ ત્ર ::

રાજ્યના પોલીસ દળના પોલીસ ઈન્સ્પેક્ટર અને તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારીને મુંબઈ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો, ૧૯૫૬ના નિયમ-૩ના પેટા નિયમ ૧(અ)ના ખંડ(૧)ની જોગવાઈ પ્રમાણે હંગામી રીતે નોકરીમાંથી મોકૂફ કરી શકાય છે. અર્થાત 'ફરજમોકુફી' (Suspension) હેઠળ મૂકી શકાય છે. ફરજમોકૂફી હેઠળના પોલીસ ઈન્સ્પેક્ટરો અને તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારીઓને ફરજમોકૂફી ઉપર લાંબો સમય સુધી ચાલુ રાખવામાં આવે નહીં અને તે હેતુ પરિપૂર્ણ કરવા માટે ફરજમોકૂફ કરનાર સક્ષમ પોલીસ સત્તાધિકારી અને તેથી ઉંચા દરજ્જાના અધિકારીઓ તેઓના કેસોની સમયાંતરે સમીક્ષા કરે તે માટેની કાર્યપધ્ધતિ અમલમાં મૂકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે ફરજમોકૂફી હેઠળના પોલીસ ઈન્સ્પેક્ટર અને તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારીના કેસની સમીક્ષા કરવા સંબંધમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

| અનુક્રમ | ફરજમોકૂફી હેઠળના પોલીસ અધિકારીનો હોદ્દો | ફરજ મોકૂફીનો સમયગાળો | ફરજમોકૂફી હેઠળના પોલીસ અધિકારીઓના કેસની સમીક્ષા કરનાર પોલીસ સત્તાધિકારી સરકાર |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| (૧) | પોલીસ કોન્સ્ટેબલ/ હેડ કોન્સ્ટેબલ. | (ક) ફરજમોકૂફીની તારીખ પછી છ માસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં | ફરજ મોકૂફી હેઠળ મૂકનાર સંબંધિત સક્ષમ અધિકારીશ્રી એટલે કે જીલ્લા પોલીસ અધિ.શ્રી<br>(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી<br>(૩) પોલીસ સુપ્રી.શ્રી., સી.આઈ.ડી. (ગુ અને રે)/ઈન્ટેલીજન્સ.<br>(૪) સેનાપતિ, રાજ્ય અનામત પોલીસ દળ. |
| | | (ખ) ફરજમોકૂફીની તારીખ પછી ફરજમોકૂફીનો સમય છ માસથી વધે તો બાર માસનો સમય ગાળો પૂરો થાય તે | (૧) રેન્જના નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી<br>(૨) પોલીસ કમિ.શ્રી, [illegible]<br>(૩) ખાસ મુખ્ય પોલીસ અધિ.શ્રી સી.આઈડી.(ગુ.અને રે) ઈન્ટેલીજન્સ<br>(૪) નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | | (ગ) ફરજમોકૂફીની તારીખ થી ફરજમોકૂફીનો સમયગાળો બાર માસથી વધે તો અઢાર માસનો સમય પૂરો થાય તે પહેલાં અને અઢારમાસનો સમયગાળો પૂરો થાય બાદ ફરજમોકૂફીના પ્રત્યેક છ માસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિ.શ્રી. |
| | (૨) પોલીસ સબ ઈન્સ્પેક્ટર | (ક) ફરજમોકૂફીની તારીખ પછી છ માસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં. | (૧) ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારી તરીકે જીલ્લા પોલીસ અધિ.શ્રી/ નાયબ પોલીસ કમિ.શ્રી હોય તેવા પ્રસંગે સંબંધિત પોલીસ સબ ઈન્સ્પેકટરના ફરજમોકૂફીના કેસની સમીક્ષા રેન્જના નાયબ મુખ્ય પોલીસ અધિ.શ્રી/ પોલીસ કમિ.શ્રી કરશે.<br>(૨) ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારી તરીકે રેન્જના નાયબ મુખ્ય પોલીસ અધિ.શ્રી /પોલીસ કમિ.શ્રી/ ખાસ મુખ્ય પોલીસ અધિ.શ્રી (સી.આઈ.ડી.) ગુનાઓ/ઈન્ટેલીજન્સ હોય તેવા પ્રસંગે સંબંધિત પોલીસ સબ ઈન્સ્પેકટરના ફરજમોકૂફીના કેસની સમીક્ષા તેઓશ્રીએજ કરવાની રહેશે.<br>(૩) આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેકટરના ફરજમોકૂફીના કેસની સમીક્ષા નાયબ મુખ્ય પોલીસ અધિ.શ્રી, હથિયારી એકમ કરશે. |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| | | (ખ) ફરજમોકૂફીની તારીખ પછી ફરજમોકૂફીનો સમયગાળો છ માસથી વધે તો બાર માસ પૂરા થાય તે પહેલાં. | (૧) ફરજમોકૂફીનો હુકમ કરનાર અધિકારી તરીકે જીલ્લા પોલીસ અધિ.શ્રી/નાયબ પોલીસ કમિ.શ્રી હોય તેવા પ્રસંગે સંબંધિત પોલીસ સબ ઈન્સ્પેકટરના ફરજમોકૂફીના કેસની સમીક્ષા રેંજના નાયબ મુખ્ય પોલીસ અધિ.શ્રી/પોલીસ કમિ.શ્રી કરશે.<br>(૨) ફરજમોકૂફી હેઠળ મૂકનાર અધિકારી તરીકે રેંજના નાયબ મુખ્ય પોલીસ અધિ.શ્રી/પોલીસ કમિશનરશ્રી/ખાસ મુખ્ય પોલીસ અધિ.શ્રી(સીઆઈડી ગુ.અને રે, ઈન્ટેલીજન્સ હોય તેવા પ્રસંગે સંબંધિત પોલીસ સબ ઈન્સ્પેકટરના ફરજમોકૂફીના કેસની સમીક્ષા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિ.શ્રી કરશે.<br>(૩) આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેકટરના ફરજમોકૂફીના કેસની સમીક્ષા ખાસ મુખ્ય પોલીસ અધિ.શ્રી, હથિયારી એકમ કરશે. |
| | | (ગ) ફરજમોકૂફીની તારીખ (...)થી ફરજમોકૂફીનો સમયગાળો બાર માસથી વધે તો અઢારમાસ સમયપૂરો થાય તે પહેલાં અને અઢારમાસનો સમયગાળો પૂરો થયા બાદ ફરજમોકૂફીના પ્રત્યેક છ માસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી. |
| (૩) પોલીસ ઈન્સ્પેકટર | | (ક) ફરજમોકૂફીની તારીખથી છ માસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં. | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી. |
| | | (ખ) ફરજમોકૂફીની તારીખ પછી ફરજમોકૂફીનો સમયગાળો છ માસથી વધે અને બાર માસ પૂરો થાય તે પહેલાં અને ત્યારબાદ અઢારમાસ પૂરા થાય તે પહેલાં | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી. |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| | | (ગ) ફરજમોકૂફીની તારીખ પછી ફરજમોકૂફીનો ૧૮ માસનો સમયગાળો પૂરો થયાબાદ ફરજ મોકૂફીના પ્રત્યેક ૭ માસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં | સચિવશ્રી/અધિક મુખ્ય સચિવ (ગૃહ) સંબંધિત પોલીસ ઇન્સ્પેક્ટરના ફરજ મોકૂફીના કેસની સઘળી વિગતો અને ફરજમોકૂફી અંગેના જરુરી કારણો સહિતની સંપુર્ણ માહિતી પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિ. શ્રીએ સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગની મંજુરી સારુ ફરજમોકૂફીના ૧૮ માસ બાદ પ્રત્યેક છ માસનો સમયગાળો પૂરો થાય તે પહેલાં મોકલવાની રહેશે. |

૩. ફરજ મોકૂફી હેઠળના પોલીસ ઇન્સ્પેક્ટર અને તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારીના કેસની દર માસે સમીક્ષા કરવા સંબંધમાં ગૃહવિભાગની તા.૩૦-૪-૭૩થી યાદી ક્રમાંક:પીડીઇ-૧૦૭૦-૫૨૩૮-મથી જે સુચના બહાર પાડવામાં આવેલ છે તે આથી દૂર કરવામાં આવેછે.

૪. ફરજ મોકૂફીના કેસોની સમીક્ષા કરનાર સક્ષામ અધિકારીઓએ સમીક્ષા કરતી વખતે સંબંધિત પોલીસ અધિકારી સામેના કોર્ટકેસ/ ખાતાકીય/તપાસની અગત્યતા પરિસ્થિતિ વિગેરે સઘળાં પાસાં વિચારણામાં લઈ સંબંધિતને ફરજમોકૂફી ઉપર ચાલુ રાખવા જરુરી છે કે કેમ તેના વ્યાજબી કારણોની નોંધ કરીને નિર્ણય લેવા માટે ફરજમોકૂફીના કેસની સમીક્ષા કરનાર સર્વે પોલીસ અધિકારીને આથી સુચના આપવામાં આવેછે. આ સુચનાનું ચુસ્તપણે પાલન થાય તે જોવા પણ સર્વે પોલીસ અધિકારીઓને આથી જણાવવામાં આવેછે. પરિપત્ર મળ્યાની પહોંચ પાઠવવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ના. ડી. સોલંકી )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિ.શ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સર્વે ખાસ મુખ્ય પોલીસ અધિ.શ્રી/ સર્વે પોલીસ કમિશ્નરશ્રી
સર્વે નાયબ મુખ્ય પોલીસ અધિ.શ્રી/ આચાર્યશ્રી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ
પોલીસ તાલીમ શાખા, વડોદરા સર્વે જિલ્લા પોલીસ અધિ.શ્રી
સર્વે સેનાપતિ, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ
સર્વે નાયબ પોલીસ કમિશ્નરશ્રી/
સામાન્ય વહિવટ વિભાગ/તપાસ એકમ
ગૃહવિભાગની અ, બ, સ, ડ અને ઇ શાખાઓ
સીલેક્ટ ફાઇલ
સેકશન અધિકારીની સીલેક્ટ ફાઇલ.

બીએસ૧૨૧૧-સ્ટે.